જીલ્લે અમદાવાદ તાલુકો સાબરમતીના અમદાવાદ-૩ (મેમનગર વિભાગ) ના મોજે શેખપુર-ખાનપુરની સીમમાં આવેલ મીલકતનો વેચાણ દસ્તાવેજ રૂા.

અંકે રૂપિયા પુરાનો.....

લખાવી લેનાર	**.**
એકતરફવાળા	ઉંમર આશરે વર્ષ- , જાતે હિન્દુ, રહેવાસી-
	.
	(P.A.No.
	જેમને આ વેચાણ દસ્તાવેજમાં તમો અગર લખાવી લેનાર અગર એકતરફવાલા એ રીતે સંબોધવામાં આવ્યા છે જે શબ્દના અર્થમા તમો લખાવી લેનારનો તથા તમો લખાવી લેનારના વંશ વાલી વારસો એસાઈનીઓ એડમીનીસ્ટ્રેટરો એકઝીકયુટરો વીગેરે તમામનો સમાવેશ થાય છે.
લખી આપનાર	**શાલીનશીલ ઈન્ફ્રા એલએલપી.**
બીજીતરફવાળા	(P.A.No.ADMFS 9772 L)
	જેનો LLP Identification No.AAL-0639 છે જેનુ સરનામું-૮, કોટીયાર્ક સોસાયટી, આબાદ ડેરી સામે, વિજય ટાવર પાસે, કાંકરીયા, અમદાવાદ-૩૮૦૦૨૨. છે, તે પેઢીના ભાગીદાર-

શાહ વિશાલ અતુલભાઈ.

(Aadhaar No.3447 8426 9786)

ઉંમર આશરે વર્ષ-૩૯, ધંધો વેપાર, જાતે હિન્દુ,રહેવાસી-૫૦૨, દિવ્યા રેસીડેન્સી, ૧૦, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પરિમલ ગાર્ડન પાસે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

જેમને આ વેચાણ દસ્તાવેજમાં અમો અગર લખી આપનાર અગર બીજીતરફવાલા એ રીતે સંબોધવામા આવ્યા છે જે શબ્દના અર્થમાં શાલીનશીલ ઈન્ફ્રા એલએલપીનો તથા તેના હાલના તથા વખતો વખતના ભાગીદારોનો તથા તેઓના વંશ વાલી વારસો એસાઈનીઓ એડમીનીસ્ટ્રેટરો એકઝીકયુટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

૧.. જત જીલ્લે અમદાવાદ તાલુકો સાબરમતીના અમદાવાદ-૩ (મેમનગર વિભાગ) ના મોજે શેખપુર-ખાનપુરની સીમમાં ટી.પી. સ્કીમ નંબર-૨૦ ના ફાઈનલ પ્લોટ નંબર-૮, ચોરસમીટર-૭૯૨ વાળી મીલકત કે જેનો ગુલબાઈ ટેકરા (ટી.પી.૨૦) સીટી સર્વે એરીયામાં સમાવેશ થવાથી તેનો સીટી સર્વે નંબર-૧૪, ચોરસમીટર-૭૯૨-૦૦ પડેલ છે તે મીલકતનુ વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટ-૧ મા આપેલ છે અને સદર મીલકત નવરંગપુરા, એચ.એલ. કોલેજ હોસ્ટેલ સામે, લીબર્ટી હોટલ પાછળ આવેલ છે.

૨.. સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકતનો નવરંગપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સમાવેશ થાય છે અને સરકારશ્રીએ બહાર પાડેલ અશાંત વિસ્તારની યાદીમાં સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકતનો સમાવેશ થતો નથી.

૩.. મોજે શેખપુર-ખાનપુરના રેવન્યુ સર્વે નંબર-૨૯ પૈકી પ્લોટ નંબર-૮, સમચોરસવાર-૯૪૮ ની જમીન પ્રથમ શાહ હિંમતલાલ અમૃતલાલના સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામાં આવેલી હતી અને તેઓની પાસેથી સદર રેવન્યુ સર્વે નંબર-૨૯ પૈકી પ્લોટ નંબર-૮, સમચોરસવાર-૯૪૮ ની જમીન શ્રીમતી સૌદામીનીબેન તે ગગનવિહારી લલ્લુભાઈ મહેતાએ પોતાના સ્વપાર્જીત નાણાંથી તારીખ-૨૮/૨/૧૯૪૨ ના રોજ વેચાણ રાખેલ અને તેનો વેચાણ દસ્તાવેજ તે જ તારીખે અમદાવાદના મહેરબાન સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૧૭૬૨ થી નોંધવામાં આવેલ.

૪.. ત્યારબાદ મજકુર શ્રીમતી સૌદામીનીબેન તે ગગનવિહારી લલ્લુભાઈ મહેતાએ સદર પ્લોટ નંબર-૮, સમચોરસવાર-૯૪૮ એટલે કે ચોરસમીટર-૭૯૦ ની જમીન પૈકી વગર વહેંચાયેલ અડધા ભાગના હક્ક હીસ્સાની જમીન તેઓની પુત્રી-ઉમાબેન પ્રિયવદન રાંદેરીયાને તારીખ-૨૯/૩/૧૯૬૭ ના રોજ બક્ષીસ આપેલ અને તે બાબતનો બક્ષીસ દસ્તાવેજ તે જ તારીખે અમદાવાદના મહેરબાન સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૩૧૭૭ થી નોંધવામાં આવેલ અને ત્યારબાદ મજકુર શ્રીમતી સૌદામીનીબેન તે ગગનવિહારી લલ્લુભાઈ મહેતાએ સદર પ્લોટ નંબર-૮, સમચોરસવાર-૯૪૮ એટલે કે ચોરસમીટર-૭૯૦

ની જમીન પૈકી બાકીની વગર વહેંચાયેલ અડધા ભાગના હક્ક હીસ્સાની જમીન તેઓની પુત્રી-ઉમાબેન પ્રિયવદન રાંદેરીયાને તારીખ-૨૯/૯/૧૯૬૭ ના રોજ બક્ષીસ આપેલ અને તે બાબતનો બક્ષીસ દસ્તાવેજ તે જ તારીખે અમદાવાદના મહેરબાન સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૯૮૫૮ થી નોંધવામાં આવેલ આમ સદર પ્લોટ નંબર-૮, સમચોરસવાર-૯૪૮ એટલે કે ચોરસમીટર-૭૯૦ ની જમીન મજકુર ઉમાબેન પ્રિયવદન રાંદેરીયાના સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામાં આવેલી હતી અને સદર જમીન સરકારી રેકર્ડમાં તેઓના નામે ટ્રાન્સફર કરવામાં આવેલ જે અંગેની એન્ટ્રી ગામ નમુના નંબર-૬ માં તારીખ-૩૦/૧૧/૧૯૭૬ ના રોજ એન્ટ્રી નંબર-૫૧૯૯ થી પાડવામાં આવેલ અને સદર એન્ટ્રી પ્રમાણિત કરવામાં આવેલ.

૫.. સદર રેવન્યુ સર્વે નંબર-૨૯ પૈકી પ્લોટ નંબર-૮, સમચોરસવાર-૯૪૮ ની જમીનનો ટી.પી. સ્કીમ નંબર-૨૦ માં સમાવેશ થવાથી તેનો ફાઈનલ પ્લોટ નંબર-૮ ફાળવવામાં આવેલ અને સદર જમીન અંગે રહેણાંકના હેતુ સારૂ બીનખેતીની પરવાનગી નાયબ કલેકટર (એન.એ.) અમદાવાદનાએ તારીખ-૧૪/૧૨/૧૯૭૭ ના રોજ નંબર-એન.એ.બી./જમીન/એસ.આર./શેખપુર-ખાનપુર-૭૧૯ થી આપવામાં આવેલ અને મજકુર ઉમાબેન પ્રિયવદન રાંદેરીયાએ સદર ફાઈનલ પ્લોટ નંબર-૮ ની જમીનમાં રહેણાંકના હેતુના મકાનનુ બાંધકામ કરાવેલ જે અંગેના પ્લાન અમદાવાદ મ્યુ.કોર્પોરેશને મંજુર કરેલા આમ સદર ફાઈનલ પ્લોટ નંબર-૮, ચોરસમીટર-૭૯૨ ની જમીન તથા તેમાં આવેલ બાંધકામ સહીતની મીલકત મજકુર ઉમાબેન પ્રિયવદન રાંદેરીયાના સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામાં આવેલી હતી.

૬.. મજકુર ઉમાબેન પ્રિયવદન રાંદેરીયાએ સદર ફાઈનલ પ્લોટ નંબર-૮, ચોરસમીટર-૭૯૨ ની જમીન તથા તેમાં આવેલ બાંધકામ સહીતની મીલકત એ.પી. એસોસીએશનને વેચાણ આપવાનુ એક બાનાખત તારીખ-૧૦/૨/૧૯૯૭ ના રોજ કરી આપેલ અને સદર બાનાખત તે જ તારીખે અમદાવાદ-૩ મેમનગર વિભાગના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૫૦૦ થી નોંધવામાં આવેલ પરંતુ મજકુર એ.પી. એસોસીએશનને સદર જમીન વેચાણ રાખવી ન હતી આથી મજકુર એ.પી. એસોસીએશને સદર જમીન અંગે કરાવેલ ઉપરોકત બાનાખત તારીખ-૨૩/૧૧/૧૯૯૮ ના રોજ રદ કરવામાં આવેલ અને તે બાબતનો બાનાખત રદનો કરાર તે જ તારીખે અમદાવાદ-૩ મેમનગર વિભાગના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૩૩૪૯ થી નોંધવામાં આવેલ આમ મજકુર એ.પી. એસોસીએશનને સદર જમીન વેચાણ લેવા અંગે કોઈ હક્ક રહેલ નહિં.

૭.. મોજે શેખપુર-ખાનપુરની સીમના ટી.પી. સ્કીમ નંબર-૨૦ ના ફાઈનલ પ્લોટ નંબર-૮, ચોરસમીટર-૭૯૨ વાળી મીલકતનો ગુલબાઈ ટેકરા સીટી સર્વે એરીયામાં સમાવેશ થવાથી તેનો સીટી સર્વે નંબર-૧૪, ચોરસમીટર-૭૯૨-૦૦ પડેલ છે.

૮.. મજકુર ઉમાબેન પ્રિયવદન રાંદેરીયા પોતાની મીલકતો અંગે એક અનરજીસ્ટર્ડ વિલ યાને વસીયતનામું તારીખ-૧૪/૯/૧૯૯૯ ના રોજ કરેલ અને મજકુર વિલમાં સદર ફાઈનલ પ્લોટ નંબર-૮, ચોરસમીટર-૭૯૨-૦૦ ની જમીન

તથા તેમાં આવેલ બાંધકામ સહીતની મીલકતના માલીક તેઓના પતિ-પ્રિયવદન છગનલાલ રાંદેરીયાને ઠરાવેલા અને ત્યારબાદ મજકુર ઉમાબેન પ્રિયવદન રાંદેરીયા તા-૭/૧૦/૨૦૦૬ ના રોજ ગુજરી ગયેલા અને તેઓના ગુજરવાબાદ સદર ફાઈનલ પ્લોટ નંબર-૮, ચોરસમીટર-૭૯૨-૦૦ ની જમીન તથા તેમાં આવેલ બાંધકામ સહીતની મીલકત તેઓએ કરેલ વિલની રૂઈએ પ્રિયવદન છગનલાલ રાંદેરીયાને સ્વતંત્ર માલીક તરીકે પ્રાપ્ત થયેલ અને સીટી સર્વેના પ્રોપર્ટી કાર્ડમાં સદર મીલકત પ્રિયવદન છગનલાલ રાંદેરીયાના નામે તા-૨૬/૨/૨૦૦૭ ના રોજ ટ્રાન્સફર કરવામાં આવેલ અને મજકુર પ્રિયવદન છગનલાલ રાંદેરીયા પોતાની મીલકતો અંગે એક અનરજીસ્ટર્ડ વિલ યાને વસીયતનામું તારીખ-૧૪/૯/૧૯૯૯ ના રોજ કરેલ અને મજકુર વિલમાં સદર ફાઈનલ પ્લોટ નં-૮, ચોરસમીટર-૭૯૨-૦૦ ની જમીન તથા તેમાં આવેલ બાંધકામ સહીતની મીલકતના માલીક તેઓની પુત્રી-શાલીની અને તેઓના પુત્ર-મોહીત એમ બંનેને સરખે હીસ્સે ઠરાવેલા અને ત્યારબાદ મજકુર પ્રિયવદન છગનલાલ રાંદેરીયા તારીખ-૩૦/૪/૨૦૧૬ ના રોજ ગુજરી ગયેલા અને તેઓના ગુજરવાબાદ સદર ફાઈનલ પ્લોટ નંબર-૮, ચોરસમીટર-૭૯૨-૦૦ ની જમીન તથા તેમાં આવેલ બાંધકામ સહીતની મીલકત તેઓએ કરેલ વિલની રૂઈએ શાલીની તે પ્રિયવદન છગનલાલ રાંદેરીયાની દીકરી અને મોહીત પ્રિયવદન રાંદેરીયા એમ બંનેને સહમાલીક તરીકે પ્રાપ્ત થયેલ અને સીટી સર્વેના પ્રોપર્ટી કાર્ડમાં સદર મીલકત શાલીની તે પ્રિયવદન છગનલાલ રાંદેરીયાની દીકરી અને મોહીત પ્રિયવદન રાંદેરીયા એમ બંનેના સંયુક્ત નામે તારીખ-૩/૪/૨૦૧૭ ના રોજ ટ્રાન્સફર કરવામાં આવેલ મજકુર ઉમાબેને કરેલ વિલ તથા પ્રિયવદને કરેલ વિલ, કદી કોઈએ ચેલેન્જ કરેલ નહિં.

૯.. ત્યારબાદ સદર ફાઈનલ પ્લોટ નંબર-૮, ચોરસમીટર-૭૯૨-૦૦ વાળી મીલકત કે જેનો ગુલબાઈ ટેકરા સીટી સર્વે એરીયામાં સમાવેશ થવાથી તેનો સીટી સર્વે નંબર-૧૪, ચોરસમીટર-૭૯૨-૦૦ પડેલ છે તે મીલકત મજકુર (૧) શાલીની તે પ્રિયવદન છગનલાલ રાંદેરીયાની દીકરી અને (૨) મોહિત પ્રિયવદન રાંદેરીયા એમ બંનેની પાસેથી અમો બીજીતરફવાળા-પેઢીએ તા-૨૨/૧૨/૨૦૧૭ ના રોજ વેચાણ રાખેલ અને તેનો વેચાણ દસ્તાવેજ તે જ તારીખે અમદાવાદ-૩ મેમનગર વિભાગના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૯૩૩૫ થી નોંધવામાં આવેલ અને સદર મીલકત સીટી સર્વે પ્રોપર્ટી કાર્ડમાં અમો બીજીતરફવાળા-પેઢીના નામે એન્ટ્રી નંબર-૨૬૭૦ થી ટ્રાન્સફર કરવામાં આવેલ અને સદર એન્ટ્રી તારીખ-૨૮/૩/૨૦૧૮ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ આમ સદર સીટી સર્વે નંબર-૧૪ વાળી મીલકત અમો બીજીતરફવાળા-પેઢીના સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામાં આવેલ અને સદર મીલકતનુ વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટ-૧ મા આપેલ છે.

૧૦.. સદર નીચે પરિશિષ્ટ-૧ માં જણાવેલ જમીનમાં ગ્રાઉન્ડ ફલોરમાં કેટલાક ભાગમાં પાર્કિંગ અને કેટલાક ભાગમાં સોસાયટીની ઓફિસ અને ફર્સ્ટ ફલોર, સેકન્ડ ફલોર, થર્ડ ફલોર, ફોર્થ ફલોરમાં મળીને કુલ-૮ (આઠ) ફલેટોની યોજના અમો બીજીતરફવાળા-ભાગીદારી પેઢીએ મુકેલ છે અને સદર યોજના અંગેના પ્લાન આર્કીટેક/એન્જીનીયર-અલમૌલા જીજ્ઞેશ હેમેન્દ્ર મારફતે તૈયાર કરાવવામાં આવેલ જે પ્લાન અમદાવાદ મ્યુ.કોર્પોરેશને તારીખ-૩૧/૫/૨૦૧૮ ના રોજ કેસ નંબર-બીએલએનટીએસ/ડબલ્યુઝેડ/૧૩૦૪૧૮/સીજીડીસીઆરવી/એ૦૦૪૫/

આર૦/એમ૧ અને રજાચિઠ્ઠી નંબર-૦૦૦૬૩/૧૩૦૪૧૮/એ૦૦૪૫/આર૦/ એમ૧ થી મંજુર કરેલ છે અને સદર યોજના "શાલીન બુલેવર્ડ" ના નામથી ઓળખાય છે અને સદર યોજના અંગે જરૂરી બી.યુ. પરમીશન અમદાવાદ મ્યુ.કોર્પોરેશનમાંથી અમો બીજીતરફવાળાએ અમારી જવાબદારીથી મેળવી આપવાની રહેશે.

૧૧.. સદર નીચે પરિશિષ્ટ-૧ માં જણાવેલ જમીનમાં વગર વહેંચાયેલ ચોરસમીટર-...... નો હકક હીસ્સો (જેનુ વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટ-૨ માં આપેલ છે) તથા સદર "શાલીન બુલેવર્ડ" ના નામથી ઓળખાતી યોજના પૈકી રજાચિઠ્ઠી મુજબ ...... ફલોરનો ફલેટ નંબર-...... નુ બાંધકામ (જેનુ વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટ-૩ માં આપેલ છે) તે તમામ મીલકત અમો બીજીતરફવાળા તમો એકતરફવાળાને આ દસ્તાવેજથી વેચાણ આપીએ છીએ.

૧૨.. સદર નીચે પરિશિષ્ટ-૩ માં જણાવેલ રજાચિઠ્ઠી મુજબ ...... ફલોરનો ફલેટ નંબર-...... વાળી મીલકત તેની અંદરના બાંધકામ સહીતની, નળ ગટર સહીતની, ઈલેકટ્રીક ફીટીંગ્સ ચાલુ વપરાશ સાથેની, અસલ હદ હકકો મુજબની તથા સદર નીચે પરિશિષ્ટ-૨ માં જણાવેલ ક્ષેત્રફળ મુજબના જમીનના વગર વહેંચાયેલ હકક હીસ્સા સહીતની તથા આ દસ્તાવેજમાં જણાવેલ હકકો સહીત તથા જવાબદારીઓ તથા નીતીનીયમો પાળવાની શરતે સદર નીચે પરિશિષ્ટ-૨ તથા પરિશિષ્ટ-૩ માં જણાવેલ મીલકત અમોએ તમોને કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રૂા. અંકે રૂપિયા

પુરા નીચેની વિગતે લઈને વેચાણ આપેલ છે અને સદર યોજના અંગે બી.યુ. પરમીશન મળેથી સદર નીચે પરિશિષ્ટ-૩ માં જણાવેલ મીલકતનો તમોને ખાલી અને પ્રત્યક્ષ કબજો સોંપવામાં આવશે.

૧૨.૧.કબજો લેવા માટેની કાર્યવાહી :-

બીજીતરફવાળા અમદાવાદ મ્યુ.કોર્પોરેશન પાસેથી મજકુર યોજનાનું વપરાશ અંગેનું પ્રમાણપત્ર મેળવે અને એકતરફવાળાના લેખમાં જણાવ્યા મુજબની તમામ ચુકવણી બીજીતરફવાળાનાને કરી આપે ત્યારબાદ, બીજીતરફ વાળાનાએ એકતરફવાળાનાને મજકુર યુનીટનો કબજો, ૭ દિવસના સમયગાળામાં મેળવી લેવા માટેની લેખીત નોટીસ આપવાની રહેશે.

૧૨.૨.. એકતરફવાળાનાને કબજો સુપ્રત કર્યાના પ (પાંચ) વર્ષના સમયગાળા દરમ્યાન મજકુર યુનીટમાં અથવા બિલ્ડીંગમાં કોઈ માળખાગત ઉણપ અથવા કામની ગુણવત્તા તથા કારીગરી અથવા સેવાની જોગવાઈ અંગેની કોઈ ખામી, એકતરફવાળાના, બીજીતરફવાળાના ધ્યાને લાવે અને તે ખામી એકતરફ વાળાનાને લીધે ઉત્પન્ન થયેલ ન હોય, તો બીજીતરફવાળાનાએ શક્ય હોય ત્યાં સુધી આવી ખામી તેમના પોતાના ખર્ચે દુર કરી આપવાની રહેશે અને આવી ખામી દુર કરવાનું શક્ય ન હોય તો, એકતરફવાળાના આવી ખામી માટે અધિનિયમની જોગવાઈઓ તથા આ લેખમાં જણાવેલ શરતોને આધીન ખામી માટેનું વળતર મેળવવા હક્કદાર રહેશે. પરંતુ આવી ખામીઓ માટે બીજીતરફ વાળાનાને જવાબદાર ઠેરવી શકય તેમ ન હોય, અથવા આવી ખામીઓ માટેનું

કારણ બીજીતરફવાળાના નિયંત્રણ બહાર હોય, અથવા આવી ખામી એકતરફ વાળાનાને લીધે કે કોઈ કુદરતી કારણોસર થયેલ હોય, તો તેવી કોઈપણ માળખાગત ખામી કારીગરી, સેવાની જોગવાઈઓ અંગેની ગુણવત્તા, અથવા કામની ગુણવત્તા અંગેની ખામી કે અન્ય રીતની ખામી માટે તથા એકતરફવાળાના કે તેના થકીના કોઈપણ ઈસમ દ્વારા ખામી ઉત્પન્ન થયેલ હશે તો, બીજીતરફ વાળાના એકતરફવાળાનાને વળતર ચુકવી આપવા પાત્ર બનશે નહીં કે આવી ખામી પોતાના ખર્ચે દુર કરવાની બીજીતરફવાળાનાની કોઈ જવાબદારી રહેશે નહીં.

૧૩.. સદર નીચે પરિશિષ્ટ-૩ માં જણાવેલ મીલકતના બાંધકામની આજુબાજુની દીવાલો જે તે મીલકતના માલીક, કબજેદાર સાથે સહીયારી સહમાલીકીની ગણાશે અને સદર દીવાલોના રીપેરીંગ, રીકન્સ્ટ્રકશન, મેઈનટેનન્સ વિગેરેમાં તમારે જે-તે ફ્લેટના માલીક, કબજેદાર સાથે સરખે હીસ્સે ખર્ચની રકમ આપવાની રહેશે.

૧૪.. સદર નીચે પરિશિષ્ટ-૩ માં જણાવેલ મીલકતના સ્ટ્રકચરમાં તેમજ બહારની દિવાલોમાં તમો એકતરફવાળાએ કોઈ ફેરફાર કરવાના નથી તેમજ સદર આખા બિલ્ડીંગનુ બહારનુ એલીવેશન બગડે તેવુ કોઈપણ કૃત્ય તમો એકતરફવાળાએ કરવાના નથી તેમજ સદર વેચાણ આપેલ મીલકતનો ઉપયોગ અન્ય પ્રીમાઈસીસના માલીક કબજેદારોને હરકત કે અંતરાયરૂપ કે ન્યુસન્સરૂપ થાય તે રીતે તમો એકતરફવાળાએ કરવાનો નથી તેમજ સદર મીલકતમાં તમો એકતરફવાળાએ કોઈ કાયદા વિરૂધ્ધની પ્રવૃત્તિ કરવાની નથી.

૧૫.. સદર "શાલીન બુલેવર્ડ" માં આવેલ ફલેટો અંગે જે સીડી, પેસેજ, લીફટ મુકવામાં આવેલ છે તે સીડી, પેસેજ, લીફટનો એકતરફવાળાએ અન્ય ફલેટના માલીક કબજેદારો સાથે હર હંમેશ સહીયારે સહમાલીક તરીકે ઉપયોગ કરવાનો રહેશે અને સદર સીડી, પેસેજ, લીફટની સાફસુફી વિગેરે અંગેના ખર્ચમાં તેમજ તેના મેઈનટેનન્સ, રીપેર્સ, રીકન્સ્ટ્રકશન વિગેરે અંગેના ખર્ચમાં એકતરફવાલાએ હરહંમેશ અન્ય ફલેટ હોલ્ડર સાથે સરખે હીસ્સે ખર્ચની રકમ આપવાની રહેશે અને સદર સીડી, પેસેજમાં ભવિષ્યમાં તમારે કોઈ માલ સામાન મુકવાનો નથી કે કોઈ દબાણ કરવાનું નથી તેમજ સદર સીડી, પેસેજમાં ભવિષ્યમાં જે લાઈટો મુકવામાં આવે તેના તથા લીફટના ઈલેકટ્રીક બરનીંગ બીલમાં તથા લીફટમેનના પગારમાં પણ તમારે હર હંમેશ અન્ય ફલેટ હોલ્ડર સાથે સરખે હીસ્સે ખર્ચની રકમ આપવાની રહેશે તેમજ સદર યોજનામાં આવેલ કોમન ફેસીલીટીઝ અને કોમન એમીનીટીઝનો તમારે સદર યોજનાના તમામ ફલેટોના માલીક, કબજેદારો સાથે હર હંમેશ સહીયારે સહમાલીક તરીકે ઉપયોગ કરવાનો રહેશે અને સદર યોજનામાં મુકવામાં આવેલ લીફટનો તમો એકતરફવાળા ઉપયોગ કરો કે ના કરો તો પણ સદર લીફટના મેઈનટેનન્સ, રીપેર્સ વિગેરે અંગેના ખર્ચમાં તથા લીફટના ઈલેકટ્રીક બર્નીંગ બીલમાં તથા લીફટમેનના પગારમાં તમો એકતરફ વાળાએ હર હંમેશ સરખે હીસ્સે રકમ આપવાની રહેશે.

૧૬.. સદર "શાલીન બુલેવર્ડ" માં તમામ ફલેટોના સભ્યો માટે પાણી અંગે જે અન્ડરગ્રાઉન્ડ વોટરટેન્ક બનાવવામાં આવશે તેનો તમારે ફકત તમામ ફલેટોના માલીક કબજેદાર સાથે સહીયારે ઉપયોગ કરવાનો છે અને પાણી અંગેની ઈલેકટ્રીક

મોટરના બરનીંગ, રીપેરીંગ, મેઈનટેનન્સ વીગેરે અંગેના ખર્ચ તમામ ફલેટના માલીક કબજેદારોએ સરખે હીસ્સે ભોગવવાના રહેશે જયારે સદર "શાલીન બુલેવર્ડ" માં પાણી અંગે જે બોર બનાવવામાં આવેલ છે તેનો તમામ ફલેટ હોલ્ડરોએ સહીયારે ઉપયોગ કરવાનો રહેશે અને પાણી અંગેની ઈલેકટ્રીક મોટરના બરનીંગમાં તથા રીપેરીંગમાં વીગેરેમાં તેમજ બોરના રીપેરીંગ, મેઈનટેનન્સ વીગેરે અંગેના ખર્ચ તમામ ફલેટ હોલ્ડરોએ સહીયારે ભોગવવાના રહેશે તેમજ સદર "શાલીન બુલેવર્ડ" માં ઈલેકટ્રીક સબ-સ્ટેશન મુકવા અંગે ભવિષ્યમાં રજીસ્ટર્ડ દસ્તાવેજથી જે-તે કંપનીને ભાડાપટ્ટે આપવામાં આવે તો તેવો લેખ એકતરફવાળાએ કબુલ રાખવાનો રહેશે.

૧૭.. સદર "શાલીન બુલેવર્ડ" માં ગ્રાઉન્ડ ફલોરમાં રાખવામાં આવેલ પાર્કિંગ સ્પેસ પૈકી એક પાર્કિંગ સ્પેસ (જે આ સાથેના પ્લાનમાં લાલ લીટીની હદ વચમા બતાવેલ છે) નો એકતરફવાળા હર હંમેશ સ્વતંત્ર રીતે ખુલ્લા પાર્કિંગ તરીકે ઉપયોગ કરી શકશે અને તે અંગે કોઈ અવેજ અમો બીજીતરફવાળાએ લીધેલ નથી તેમજ સદર "શાલીન બુલેવર્ડ" માં રાખવામાં આવેલ માર્જીનની જમીનમાં થઈને તમોને હર હંમેશ વાહન વિગેરે સહીત જવા આવવાના ચાલ નીકાલના હકકો રહેશે તેમજ સદર સહીયારી માર્જીનની જમીનમાંથી તમોને નળ ગટરના પાઈપો તથા ઈલેકટ્રીક ટેલીફોનના દોરડા કેબલ વીગેરે લેવાનો હકક રહેશે.

૧૮.. સદર "શાલીન બુલેવર્ડ" માં આવેલ ટોપ ફલોરની ઉપરના ટેરેસ પૈકી ઉત્તર-પૂર્વ દીશા તરફનુ ચોરસફુટ-..... નુ ટેરેસ એટલે કે ધાબુ ફલેટ નંબર-

..... ના માલીક કબજેદારોને હર હંમેશ સ્વતંત્ર રીતે ખુલ્લુ વાપરવાનો હકક આપવાનુ અમોએ નક્કી કરેલ છે તેમજ ટોપ ફલોરની ઉપરના ટેરેસ પૈકી પશ્ચિમ-દક્ષિણ દીશા તરફનુ ચોરસફુટ-..... નુ ટેરેસ એટલે કે ધાબુ ફલેટ નંબર-..... ના માલીક કબજેદારોને હર હંમેશ સ્વતંત્ર રીતે ખુલ્લુ વાપરવાનો હકક આપવાનુ અમોએ નક્કી કરેલ છે પરંતુ તે અંગે કોઈપણ અવેજ/રકમ અમોએ લીધેલ નથી આમ ઉપરોકત બાબતે તમો એકતરફવાળાએ ભવિષ્યમાં અમો બીજીતરફવાળા વિરૂધ્ધ કે ઉપરોકત ફલેટ હોલ્ડર વિરૂધ્ધ કોઈ વાંધા તકરાર કરવાના રહેશે નહિં જયારે સદર ફાળવણી કરેલ ટેરેસ સિવાયનુ બાકીનુ ટેરેસ તથા લીફટ તથા ફોયરની ઉપરનુ ટેરેસ તમો એકતરફવાળાએ તમામ ફલેટ હોલ્ડરો સાથે સહીયારે ઉપયોગ કરવાનુ રહેશે અને સદર કોમન ટેરેસના મેઈન્ટેનન્સ અંગેના ખર્ચની તમામ રકમ તમામ ફલેટ હોલ્ડરોએ સરખે હીસ્સે ભોગવવાની રહેશે.

૧૯.. સદર નીચે પરિશિષ્ટ-૩ માં જણાવેલ મીલકતનો તમો એકતરફવાળાએ હર હંમેશ ફકત રહેઠાણ માટે જ ઉપયોગ કરવાનો રહેશે એટલે કે સદર વેચાણ આપેલ ફલેટનો ગેસ્ટ હાઉસ તરીકે ઉપયોગ કરવાનો નથી તેમજ સ્ટુડન્ટસને પેઈન્ગ ગેસ્ટ તરીકે રહેવા માટે પણ આપી શકાશે નહીં અને સદર મીલકતનો વાણિજય, વેપાર કે વ્યવસાયઅર્થે ઉપયોગ કરી શકાશે નહીં એ શરત મુખ્ય છે અને રહેશે અને સદર ફલેટ નંબર-...... વાળી મીલકતનો ગેરકાનુની કે ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે ભવિષ્યમાં વાપર ઉપયોગ કરી શકાશે નહીં કે તેવી વ્યક્તિને વાપરવા સોંપી શકાશે નહીં.

૨૦.. સદર "શાલીન બુલેવર્ડ" માં આવેલ ફલેટ નંબર-...... વાળી મીલકત અંગે ભવિષ્યમાં કુદરતી આફતો તથા ધરતીકંપ તથા અન્ય નીયત કરેલ તમામ પરિબળો હેઠળ ઈન્સ્યોરન્સ લેવા અંગેની તમામ જવાબદારી તમો એકતરફવાળાની છે અને રહેશે અને આ અંગે પ્રિમીયમની જે કાંઈ રકમ ભરવાની આવે તે પણ તમો એકતરફવાળાએ ભરવાની રહેશે અને આ તમામ અંગે અમો બીજીતરફ વાળાની કોઈ જવાબદારી રહેશે નહીં.

૨૧.. સદર "શાલીન બુલેવર્ડ" માં મુકેલ સીડી, પેસેજ, માર્જીન તથા અન્ય કોમન એમીનીટીઝના મેઈન્ટેનન્સ વિગેરે અંગે ભવિષ્યમાં સર્વિસ હાઉસીંગ સોસાયટીની રચના કરવામાં આવે ત્યારે તમો એકતરફવાળાએ તેના ફરજીયાત સભ્ય થવાનુ રહેશે અને સદર સર્વિસ હાઉસીંગ સોસાયટીના નીતી નિયમોનુ તમો એકતરફવાળાએ હર હંમેશ પાલન કરવાનુ રહેશે અને તેવી સોસાયટી મારફતે ભવિષ્યમાં ઠરાવ કરીને સદર કોમન એમીનીટીઝના મેઈન્ટેનન્સ વિગેરે અંગે દરેક ફલેટદીઠ મેઈન્ટેનન્સ ડીપોઝીટ તરીકે જે રકમ ઉઘરાવવામાં આવે તે રકમ તમો એકતરફવાળાએ મજકુર સોસાયટીને જુદી ચુકવવાની રહેશે.

૨૨.. સદર "શાલીન બુલેવર્ડ" માં જે લીફટ મુકવામાં આવેલ છે તે લીફટ વાપરવા અંગેનુ જરૂરી લાયસન્સ અમો બીજીતરફવાળાએ મેળવવાનુ રહેશે તેમજ અને તે અંગે મેઈન્ટેનન્સનો કોન્ટ્રાકટ ભવિષ્યમાં રીન્યુ કરાવવાની જવાબદારી સદર યોજનાના તમામ સભ્યોની સહીયારી રહેશે આમ સદર લીફટ અંગેનો મેઈનટેનન્સ કોન્ટ્રાકટ ભવિષ્યમાં રીન્યુ કરાવવાની અમો બીજીતરફ વાળાની કોઈ જવાબદારી નથી.

૨૩.. સદર "શાલીન બુલેવર્ડ" ની આખી જમીનમાં હાલમાં ટોરેન્ટ પાવર લિમિટેડ મારફતે મારફતે અન્ડરગ્રાઉન્ડ ઈલેકટ્રીકના કેબલો જે રીતે નાંખવામાં આવેલા છે તે જ રીતે હર હંમેશ તમો એકતરફવાળાએ તથા અન્ય યુનિટ હોલ્ડરોએ રાખવાના રહેશે અને ભવિષ્યમાં તેવા કેબલોના રીપેરીંગ, મેઈન્ટેનન્સ, રીપ્લેશમેન્ટ વિગેરે અંગે સદર આખી જમીનના કોઈપણ ભાગમાં ટોરેન્ટ પાવર લિમિટેડ વતી તેના અધિકૃત વ્યક્તિઓ ડ્રીલીંગથી કે અન્ય રીતે જરૂરી તોડ-ફોડ કરી શકશે અને તે અંગેના તમામ ખર્ચ તમો એકતરફવાળાએ સદર "શાલીન બુલેવર્ડ" ના અન્ય યુનિટ હોલ્ડર સાથે સરખે હીસ્સે ભોગવવાના રહેશે અને ઉપરોકત તમામ બાબતે તમો એકતરફવાળાની મુક્ત સંમતી હોવાની ગણાશે અને તે તમામ બાબતે ભવિષ્યમાં તમારે અમારી વિરૂદ્ધ કે સર્વિસ સોસાયટી વિરૂદ્ધ કોઈપણ પ્રકારના વાંધા તકરાર કરવાના નથી.

૨૪.. સદર વેચાણ આપેલ મીલકત અંગે નાંખવામાં આવેલ નળ ગટરના પાઈપો, ઈલેકટ્રીક ટેલીફોનના કેબલો વીગેરે ભવિષ્યમાં રીપેરીંગ કરાવતી વખતે તેવા પાઈપો તથા કેબલોને કાંઈપણ નુકશાન થાય તો તમો એકતરફવાળાએ તમારા ખર્ચે હાલમાં જે સ્થિતીમાં છે તે સ્થિતીમાં જોડાણ કરી આપવાના રહેશે.

૨૫.. સદર "શાલીન બુલેવર્ડ" માં આવેલ ફલેટ નંબર-...... વાળી મીલકત અંગે નીચે પરિશિષ્ટ-૧ માં જણાવેલ જમીનમાં આ વેચાણ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ તમોને વગર વહેંચાયેલ હકક હીસ્સો રહેશે અને સદર આખી મીલકતની જમીન વહેંચી ના શકાય તે રીતેની હોવાની ગણાશે અને સદર આખી મીલકત

"શાલીન બુલેવર્ડ" ના નામથી ઓળખાશે અને તે નામમાં તમો ફેરફાર કરી શકશો નહીં અને ભવિષ્યમાં સદર મીલકત તમો કોઈપણ વ્યક્તિને વેચાણ ટ્રાન્સફર કરો તો તેવા વેચાણ લેનારે પણ ઉપરોકત તમામ શરતોનુ પાલન કરવાનુ રહેશે અને એ રીતે ઉપરોકત હકકો તથા જવાબદારીઓ સહીત સદર મીલકત અમોએ તમોને વેચાણ આપેલ છે અને ઉપરોકત હકકોની કિંમતનો સમાવેશ ઉપરોકત વેચાણ કિંમતમાં થઈ ગયેલ છે.

૨૬.. આજરોજથી સદર વેચાણ આપેલ મીલકતના તમો લખાવી લેનાર કુલ સ્વતંત્ર માલીક થયા છો.

૨૭.. હવેથી સદર વેચાણ આપેલ મીલકતના ઉપર અમારો કે અમારા વંશ વાલી વારસોનો કે અમારા કરજદાર હીસ્સેદાર વીગેરે કોઈનો કોઈપણ પ્રકારનો દર દાવો અલાખો લાગભાગ કે હકક હીસ્સો વીગેરે રહ્યો નથી અને કોઈ કરતા આવે તો તે આથી રદ છે.

૨૮.. સદર વેચાણ આપેલ મીલકત ચાંદો સુરજ તપે ત્યાં સુધી તમો તમારા વંશ વાલી વારસો સુખેથી વાપરો ભોગવવો વેચો સાટો અગર તમો તમારૂ દિલ ચાહે તેમ ઉપયોગ કરો.

૨૯.. સદર વેચાણ આપેલ મીલકત અંગે હવે પછીથી જે કાંઈ ટેક્ષો તથા ઈલેકટ્રીક બીલની રકમ ભરવાની આવે તે તમામ તમો એકતરફવાળાએ ભરવાની છે.

૩૦.. સદર વેચાણ આપેલ મીલકત મ્યુ.રેકર્ડ, સીટી સર્વે રેકર્ડ તથા ઈલેકટ્રીસિટી કું. રેકર્ડમાં તમો તમારા નામે ટ્રાન્સફર કરાવી લેશો અને તે અંગે જયાં જયાં અમારી સહીઓ જવાબોની જરૂર પડશે ત્યાં ત્યાં અમો આપીશું.

૩૧.. આ દસ્તાવેજનુ સ્ટેમ્પ, રજી.ફી, વકીલ ફી તથા અન્ય લીગલ ખર્ચ તમો એકતરફવાળાએ ભોગવેલ છે.

૩૨.. આ વેચાણની કિંમતના અવેજના રૂપિયા પહોચ્યાની વિગત.....

રૂા. અંકે રૂપિયા પુરાનો ચેક નંબર-
નો તારીખ- /૬/૨૦૧૮ નો
શાખાનો અમો બીજીતરફવાળાએ
તમો એકતરફવાળા પાસેથી લીધો છે તે.

રૂા. અંકે રૂપિયા પુરાની રકમ કે જે
ટી.ડી.એસ. અંગે
માંથી ઈન્ટરનેટ બેન્કીંગ મારફતે તારીખ- /૬/૨૦૧૮
ના રોજ ચલણ નંબર- થી ભરેલ છે તે રકમ
અમોએ તમોને આ દસ્તાવેજમાં મજરે આપેલ છે.

આ ખતના અવેજના રૂા. અંકે રૂપિયા
પુરા અમો બીજીતરફવાળાને ઉપરની વિગતે પહોંચ્યા છે.

૩૩.. સદર યોજનાના જમીનના ટાઈટલ ડીડઝ, બાંધકામ અંગેના પ્લાન, બીનખેતીની પરમીશન તથા જરૂરી સરકારી પરવાનગીઓની તમો એકતરફ વાળાએ જાણકાર વ્યક્તિ મારફતે ખાત્રી અને ચકાસણી કરી કરાવી લીધેલ છે અને તે અંગે તમોને પુરતો સમય તથા યોગ્ય તક અમો બીજીતરફવાળા મારફતે આપવામાં આવેલ અને તે બાબતે તમોને કાંઈપણ વાંધા તકરાર નથી તેમજ તમો કાંઈપણ વાંધા તકરાર કરો તો તે રદ છે તેમજ સદર વેચાણ આપેલ મીલકતનુ બાંધકામ, બાંધકામમાં વપરાયેલ મટીરીયલ, સેનેટરી ફીટીંગ્સ, ઈલેકટ્રીક વાયરીંગ, નળ ગટરના જોડાણો તથા અન્ય વસ્તુઓની તમોએ તમારા એન્જીનીયર મારફતે ખાત્રી અને ચકાસણી કરી કરાવી લીધેલ છે અને આ અંગે તમોને પુરતો સમય તથા યોગ્ય તક આપવામાં આવેલ આથી તે અંગે તમોને સંતોષ છે અને ત્યારબાદ જ સદર મીલકત તમોએ વેચાણ રાખેલ છે તેમજ સદર યોજના અંગે બાંધકામ અંગેનુ જે સ્પેસીફીકેશન નક્કી કરેલ છે, જેની યાદી તમોએ વાંચી સમજી લીધેલ છે અને ત્યારબાદ જ સદર વેચાણ આપેલ મીલકતનો તમોએ કબજો સંભાળી લીધેલ છે અને તે બાબતે તમોને કાંઈપણ વાંધા તકરાર નથી તેમજ તમો કાંઈપણ વાંધા તકરાર કરો તો તે રદ છે.

૩૪.. સદર "શાલીન બુલેવર્ડ" ના નામથી ઓળખાતી યોજનાની રીયલ એસ્ટેટ (રેગ્યુલાઈઝેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ ૨૦૧૬ ની કલમ-૩ ની જોગવાઈ મુજબ ટેમ્પરરી No. થી નોંધણી કરાવેલ છે.

૩૫.. આ લેખની કોઈપણ શરત બાબતે આપણ બંનેતરફવાળા વચ્ચે મતભેદ ઉપસ્થિત થાય તો આપણ બંનેતરફવાળાએ અરસ-પરસની સમજુતીથી તેનો નીકાલ લાવવાનો રહેશે અને તેમ છતા જો આપણ બંનેતરફવાળા વચ્ચે અરસ-પરસ સમજુતીથી તેનો નીકાલ ના આવે તો તેવા સંજોગોમાં રીયલ એસ્ટેટ (રેગ્યુલાઈઝેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ ૨૦૧૬ અન્વયેના અધિકારી મારફતે તેનો નીકાલ લાવવાનો રહેશે.

૩૬.. સદર વેચાણ આપેલ મીલકતના ઉપર આજ પહેલાનો કોઈનો કોઈપણ પ્રકારનો લેણા વિગેરેનો બોજો યા લાગભાગ કે હકક હીસ્સો નથી તેવો તમામ બાબતનો અમોએ તમોને પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ છે.

આ વેચાણ દસ્તાવેજ આપણ બંનેતરફવાળાએ આપણી રાજીખુશીથી તથા અકકલ હોંશીયારીથી કરેલ છે તે આપણ બંનેતરફવાળાને તથા આપણા વંશ વાલી વારસોને કબુલ મંજુર સહી છે.

<u>પરિશિષ્ટ-૧</u>

જત જીલ્લે અમદાવાદ તાલુકો સાબરમતીના અમદાવાદ-૩ (મેમનગર વિભાગ) ના મોજે શેખપુર-ખાનપુરની સીમમાં ટી.પી. સ્કીમ નંબર-૨૦ ના ફાઈનલ પ્લોટ નંબર-૮, ચોરસમીટર-૭૯૨ વાળી મીલકત કે જેનો ગુલબાઈ ટેકરા (ટી.પી.૨૦) સીટી સર્વે એરીયામાં સમાવેશ થવાથી તેનો સીટી સર્વે નંબર-૧૪, ચોરસમીટર-૭૯૨-૦૦ પડેલ છે તે મીલકતના ખુંટચારની વિગત.....

પૂર્વે : સીટી સર્વે નંબર-૪૬ (ફાઈનલ પ્લોટ નંબર-૨૧).

પશ્ચિમે : રોડ.

ઉત્તરે : સીટી સર્વે નંબર-૧૫ (ફાઈનલ પ્લોટ નંબર-૯).

દક્ષિણે : સીટી સર્વે નંબર-૪૯ અને ૭૪ (ફાઈનલ પ્લોટ નંબર-૩૩ અને ૩૯).

પરિશિષ્ટ-૨

જત જીલ્લે અમદાવાદ તાલુકો સાબરમતીના અમદાવાદ-૩ (મેમનગર વિભાગ) ના મોજે શેખપુર-ખાનપુરની સીમમાં ટી.પી. સ્કીમ નંબર-૨૦ ના ફાઈનલ પ્લોટ નંબર-૮, ચોરસમીટર-૭૯૨ વાળી મીલકત કે જેનો ગુલબાઈ ટેકરા (ટી.પી.૨૦) સીટી સર્વે એરીયામાં સમાવેશ થવાથી તેનો સીટી સર્વે નંબર-૧૪, ચોરસમીટર-૭૯૨-૦૦ પડેલ છે તે જમીન પૈકી વગર વહેંચાયેલ ચોરસમીટર-....... ના હકક હીસ્સાની જમીન.

પરિશિષ્ટ-૩

જત જીલ્લે અમદાવાદ તાલુકો સાબરમતીના અમદાવાદ-૩ (મેમનગર વિભાગ) ના મોજે શેખપુર-ખાનપુરની સીમમાં ટી.પી. સ્કીમ નંબર-૨૦ ના ફાઈનલ પ્લોટ નંબર-૮, ચોરસમીટર-૭૯૨ વાળી મીલકત કે જેનો ગુલબાઈ ટેકરા (ટી.પી.૨૦) સીટી સર્વે એરીયામાં સમાવેશ થવાથી તેનો સીટી સર્વે નંબર-૧૪, ચોરસમીટર-૭૯૨-૦૦ પડેલ છે તે જમીનમાં “શાલીન બુલેવર્ડ” ના નામની યોજના અમો બીજીતરફવાળાએ મુકેલ છે અને સદર “શાલીન બુલેવર્ડ” માં આવેલ રજાચિઠ્ઠી મુજબ ...... ફલોરનો ફલેટ નંબર-......, ચોરસમીટર-...... બિલ્ટઅપ એરીયા અને ચોરસમીટર-...... કાર્પેટ એરીયાના બાંધકામવાળી મીલકત આથી વેચાણ આપેલ છે.

સદર ફલેટના ખુંટચારની વિગત.....

પૂર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

એ રીતે ખુંટચાર વચલી ફલેટ નંબર-...... વાળી મીલકત અસલ હદ હકકો મુજબની તમામ.

આજરોજ તારીખ- માહે-જુન સને-૨૦૧૮ ના દિને.

અત્રે---------------------------મતુ અત્રે-----------------------શાખ.

<u>લખી આપનારની સહી.</u> ----------------------------

શાલીનશીલ ઈન્ફ્રા એલએલપી, તે
પેઢીના ભાગીદાર- ----------------------------

<u>લખાવી લેનારની સહી.</u>